## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ ખાતે કેન્દ્રીય ભંડારણ નિગમના સહયોગથી સુરક્ષીત અનાજ સંગ્રહ અંતર્ગત બે દિવસીય પ્રશિક્ષણ તાલિમ યોજાઇ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે કેન્દ્રીય ભંડારણ નિગમ, અમદાવાદનાં સહયોગથી તા. ૯/૧/૧૯ થી ૧૦/૧/૧૯ દરમ્યાન સુરક્ષીત અનાજ સંગ્રહ અંતર્ગત બે દિવસીય પ્રશિક્ષણ તાલિમનું આયોજન કરવામાં આવેલ. જેમાં અલગ અલગ ગામનાં કુલ ૪૫ ખેડૂતોએ ભાગ લીધેલ. આ ઉપરાંત પ્રગતિશીલ ખેડૂત તરીકે શ્રી હર્ષદભાઇ પટેલ, પીપળાવ તેમજ દેવાતજ ગામનાં સરપંચશ્રી લાભેશ શાસ્ત્રી ઉપસ્થિત રહ્યા હતા. આ તાલિમમાં કેન્દ્રીય ભંડારણ નિગમના અધિકારી એસ.ડી.નૈલવાલ (ભંડારણ પ્રબંધક. નડીયાદ), નવીન ગૌતમ (સીનીયર આસીસટન્ટ મેનેજર, રીઝીયોનલ ઓફીસ, અમદાવાદ) તેમજ પી.કે.ગંગવાર (સુપ્રીટેન્ડન્ટ) ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કે.વિ.કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલે સર્વેનું સ્વાગત કર્યા બાદ તાલિમનો મુખ્ય ઉદ્દેશ સમજાવી પાકની કાપણી કર્યા બાદ અનાજને સુરક્ષિત રાખવા તેમજ તેની ગુણવત્તા જાળવી રાખવા બાબતે જરૂરી સુચનો કર્યા. શ્રી નવીન ગૌતમે કેન્દ્રીય ભંડારણ નિગમની જવાબદારીઓ તેમજ તેની વિશ્વસનીય કામગીરી બાબતે વિસ્તૃત જાણકારી આપી અને ખેડૂતોને તેનો મહત્તમ લાભ લેવા જણાવ્યુ. એસ.ડી.નૈલવાલે અન્નના મહત્વ વિષે વિસ્તૃત જાણકારી આપી તેમજ તેનો વ્યય કરવો જોઇએ નહી તેમ જણાવ્યુ. તેઓએ અનાજનું ગ્રેડીંગ, સ્ટોરેજ, ધ્રુમિકરણ, વિમા પોલીસી વિષે ઉંડાણપુર્વક ચર્ચા કરી.

ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા તાલિમાર્થીઓને સંગ્રહેલ અનાજની જીવાતો, તેમના દ્વારા થતા નુકશાન તેમજ તેના બીન રાસાયણીક નિયંત્રણ વિશે વિસ્તુત ચર્ચા કરવામાં આવી. આ તાલિમ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલ ભારતીય સ્ટેટ બેંકનાં અધિકારીશ્રી અલીશકુમાર, શાખા અધિકારી, એસ.બી.આઇ., સોજીત્રાએ તાલિમાર્થીઓને ખેતી પાક માટે ધિરાણ તેમજ પાક વિમા વિષે વિસ્તુત ચર્ચા કરી. ડો. બી.એચ.પટેલ (નિવૃત વૈજ્ઞાનિક, આ.કૃ.યુ.) દ્વારા ઘરમાં, ગોદામોમાં તેમજ ખેતરમાં અનાજનો બગાડ કરતા ઉંદરોનાં નિયંત્રણ વિષે વિસ્તુત જાણકારી આપવામાં આવેલ.

તાલિમ કાર્યક્રમમાં ઉપસ્થિત અધિકારીઓ તેમજ તાલિમાર્થીઓ વચ્ચે ઉંડાણપુર્વક દ્વિપક્ષીય ચર્ચાઓ થઇ તેમજ મુંજવતા પ્રશ્નોના યોગ્ય પ્રત્યુતર આપવામાં આવ્યા. તાલિમનાં બીજા દિવસે ખેડૂતોને કેન્દ્રીય ભંડારણ નિગમના આણંદ ખાતેનાં જીટોડીયા રોડ પર આવેલ સરકારી ગોદામોની મુલાકાત કરાવવામાં આવી તેમજ યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યુ. આ તાલિમ અંતર્ગત કેન્દ્રીય ભંડારણ નિગમ દ્વારા ૧૫૦ કીલોની ક્ષમતા ધરાવતા અનાજ ભરવાનાં સારી ગુણવત્તા વાળા ગેલ્વેનાઇઝ્ડ પીપ અને સર્ટીફીકેટ તેમજ કીટનું પ્રત્યેક તાલિમાર્થી દીઠ એક નંગ મુજબ શ્રી એસ.ડી.નૈલવાલ તેમજ ડો. જી.જી. પટેલ દ્વારા વિતરણ કરવામાં આવેલ. તાલિમાર્થીઓ માટે ભોજન, કીટ તેમજ આવવા જવાનો સંપુર્ણ ખર્ચ કેન્દ્રીય ભંડારણ નિગમ દ્વારા કરવામાં આવેલ.

તાલિમનાં અંતે ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા સૌનો આભાર વ્યક્ત કરી તાલિમની પૂર્ણાહુતિ કરવામાં આવેલ તેમજ તેમના દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવેલ.

<u>કાર્યક્રમની ઝાંખીઓ</u>














